# <u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )
<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર
(gswan-conn@gujarat.gov.in)
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ
<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.
**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૪૪૬/૨૦૨૪ તા.૩૦/૧૨/૨૦૨૪
**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૩/૧૨/૨૦૨૪ થી તા.૨૯/૧૨/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

**<u>મહીલા પો.સ્ટે.</u>**

(૧) તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પો.ઇન્સ વાય.જી.માથુકીયા તથા WLR-ઉર્મીલાબેન પુંજાભાઈ નાઓ બંગડી બજાર વિસ્તારમાં જઈ કટલેરી/કપડાની દુકાનમા કામ કરતી મહીલાની મુલાકાત લઈ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોંચે તે બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ.

(૨) તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ પો.ઇન્સ.વી.કે.ગોલવેલકર તથા HC-હરસુખભાઈ અરશીભાઈ, WLR-વાલીબેન રામભાઈ નાઓ સાથે રહી. પેરેડાઈઝ ફુવારા વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. તેમજ પંચહાટડી પાસે આવેલ “ વેદાંત ” હોસ્પીટલ ખાતે અંગત માણસો દ્વારા તથા ઉપરોક્ત પોલીસ સ્ટાફ દ્વારા હોસ્પીટલમા ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવૃતિ ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવૃતિ જણાય આવેલ ન હોય

(૩) તા.૨૫/૧૨/૨૦૨૪ ના રોજ પો.ઇન્સ. PI-વાય.જી.માથુકીયા તથા UASI પ્રવિણભાઇ,UHC હસમુખભાઇ અમરસીંગભાઇ નાઓ સાથે રહી. ચોપાટી ખાતે બહેનો સાથે આવેલ બાળકોને ગુડટચ તથા બેડટચ બાબતે માહીતગાર કરેલ તેમજ ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે પણ જરુરી માર્ગદર્શન આપેલ. તેમજ નવા કાયદા ભારતીય ન્યાય સંહિતા 2023, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 અને ભારતીય સાક્ષ્ય નામના ત્રણ નવા ફોજદારી કાયદાનો અમલ કરવા માર્ગદર્શન આપેલ. તેમજ ચોપાટી વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી પણ કરતા તે પ્રકારના ટપોરી ઇસમો મળી આવેલ ન હોય.

(૪) તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ પો.ઇન્સ. વી.કે.ગોલવેલકર તથા WLR-તેજલબેન ગોવીંદભાઈ, WLR -પાંચીબેન ભૂપતભાઈ નાઓ સાથે રહી વાઘેશ્વરી પ્લોટ વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય, જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. તેમજ રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ “વિનસ ” હોસ્પીટલ ખાતે અંગત માણસો દ્વારા તથા સ્ટાફ દ્વારા હોસ્પીટલમા ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવૃતિ ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવૃતિ જણાય આવેલ ન હોય.

(૫) તા.૨૭/૧૨/૨૦૨૪ ના રોજ પોલીસ ઇન્સ.વી.કે.ગોલવેલકર તથા HC હસમુખભાઇ અમરશીંગભાઇ તથા WLR-પાંચીબેન ભુપતભાઇ નાઓ સાથે રહી કડીયા પ્લોટ, મફતીયાપરા વિસ્તારમાં જઈ સીનીયર સીટીજનોની મુલાકત લઈ તેને કોઈ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરવા તેમજ ઇમરજન્શીમા ડાયલ-૧૦૦ દ્વારા પોલીસ મદદ મેળવી શકે છે. તે બાબતે માર્ગદર્શન આપેલ તેમજ કમલાબાગ વિસ્તારની મુલાકત લઈ સી.સી.ટી.વી. કેમેરા ચાલુ રાખવા તેમજ યોગ્ય જાળવણી કરવા બાબતે યોગ્ય સલાહ આપેલ.

(૬) તા.૨૮/૧૨/૨૦૨૪ ના રોજ પો.ઇન્સ વાય.જી.માથુકીયા તથા WLR-પાંચીબેન ભૂપતભાઈ વાડી પ્લોટ વિસ્તારમા જઈ શાકમાર્કેટ તથા દુકાનમા કામ કરતી મહીલાની મુલાકાત લઈ તેઓ રાત્રે આઠ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોંચે તે બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ.

(૭) તા.૨૯/૧૨/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે. ના અધિકારી /સી ટીમના કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિશે માહીતગાર કરેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

**<u>હાર્બર મરીન પો.સ્ટે.</u>**

તા.૨૭/૧૨/૨૦૨૪ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીઓએ જુનાબંદર એફ.એલ.સી ખાતે ફીશરમેન વોચ ગૃપ અવરનેસ કાર્યક્રમમાં હાજર બોટ/પીલાણાના માલીક માછીમાર ખલાસી ટંડેલભાઇને દરીયા કાંઠા તથા દરીયાની અંદર માછીમારી દરમ્યાન કોઇ શંકાસ્પદ હીલચાલ જણાય તો ઇમરજન્સી નં.૧૦૯૩, ૧૦૦ નંબર ઉપર જાણ કરવા તેમજ તેમના આંખ કાન બનવા તેમજ IMBL ક્રોસ ન કરવા તથા ફીશરીઝ એક્ટ સુચના મુજબ લાઇન/લાઇટ ફીશીગ ન કરવા તથા ટોકન લઇને જ માછીમારી કરવા સમજ કરેલ છે.

**<u>મહીલા પો.સ્ટે.</u>**

તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ મહીલા પો.સ્ટે.ના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ તથા પી.એસ.આઇ. એ.સી.નિમાવત દ્વારા 181 સ્ટાફ WLR સેજલબેન તથા કાઉન્સિલર મીરાબેન માવડીયા સાથે સંકલનમાં રહીને સત્યનારાયણ મંદિર દર્શનાર્થે આવેલા સિનિયર સિટીઝન ભાઈઓની મુલાકાત લીધેલ વૃદ્ધાવસ્થામાં તેમને તેમના સંતાનો તેમને તેમના પુત્ર કે પુત્ર વધુ દ્વારા ત્રાસ કે હેરાનગતિ કે પ્રોપટી છીનવી લઈને વૃધ્ધા આશ્રમમાં જવા માટે કહે, ત્યારે ૧૦૦/૧૮૧ નંબર પર ફોન કરી શકો અને પોલીસ પ્રજાનો મિત્ર છે વિના સંકોચે પોલીસની મદદ મેળવી શકો છો જે બાબતે માહિતી આપેલ.

તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન PSI એ.સી.નિમાવત, PSI કે.એમ.સૈયદ 181 કાઉન્સિલર મીરાબેન PC સેજલબેન સાથે સત્યનારાયણ મંદિર પાસે ટ્યુશન ક્લાસમાં આવેલ વિધાથીઓને મહિલાઓને પોતાની સુરક્ષા કેવી રીતે કરવી તેની સમજ કરેલ તેમજ ધરેલું હિંસા, છેડતીમાં પોલીસ કેવી રીતે મદદ કરે તે વિશેની સમજ કરેલ કોઈ બહેનને તેમના પતિ હેરાન કરતા હોય તો બન્ને પતિ પત્નીને મહિલા પોલીસ સ્ટેશનમાં બોલાવીને કાઉન્સિલીગ કરાવીને સમાધાન કરાવીએ છીએ તેમજ અવાવરૂ જગ્યાએ ચાલવુ નહીં જાહેર જગ્યાએથી ચાલવું તેવી સમજ કરેલ તેમજ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ સમજદારી પુર્વેક વાપરવાની સમજ કરેલ તેમજ સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન નંબર 1930 ની મદદ લેવી, પોકસો જેવા બનાવોમાં પોલીસ તથા ૧૮૧, ૧૦૦ નંબર કઈ રીતે મદદરૂપ થાય તેની સમજ કરેલ તેમજ ટ્રાફીકના નિયમોની માહિતી આપેલ, તેમજ નવા કાયદા ત્રણ તા.1//7/2024 થી અમલમાં આવેલ તેનુ માર્ગદર્શન આપેલ.

તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ કે.એમ.સૈયદ તથા PC લતાબેન સાથે રહી લેડી હોસ્પીટલ પોરબંદર ખાતે સી ટીમની કામગીરી કરેલ જેમા મહિલાઓને વ્હાલી દિકરી યોજના અંતર્ગત મળતી સહાય વિશે , ભૃણહત્યા વિશે તથા મહિલાઓને તેમની સુરક્ષા વિશે માહિતગાર કરેલા, જેમા મહિલાઓને ઘરેલુ હિંસા , છેડતી , સાયબર ક્રાઈમ (૧૯૩૦ ) , પોકસો જેવા

બનાવોમા કઈ રીતે મદદ રુપ પોલીસ તથા ૧૮૧ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે પણ જરૂરી માર્ગદર્શન આપેલ.

તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પી.આઈ. વાઈ.જી.માથુકિયા તથા પી.એસ.આઈ કે.એમ.સૈયદ તથા પી.એસ.આઈ એ.સી.નિમાવત તથા WPC લતાબેન ટીડાભાઇ તથા ૧૮૧ ટીમ , કાઉન્સિલર મીરાબેન તથા PC સેજલબેનના સંકલન રહી મોઢા કોલેજમાં અન્ન ઉત્સવ કાર્યક્રમમા ઉપસ્થિત વિદ્યાર્થીભાઈઓ બહેનો વાલીઓ હાજર હોય મોઢા કોલેજ જઈને સી ટીમની કામગીરી કરેલ જેમા વિધાર્થીઓને માહિતી આપેલ. મહિલાઓને ઘરેલુ હિંસા, સારીરિક માનસિક ત્રાસ જાતીય શોષણ , જેવા બનાવો બને ત્યારે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ. તેમજ મોબાઈલમા અજાણી વેબસાઈટ ખોલીને તેની કોઈ લિંક માં ઇન્વેસ્ટ માટેની લોભામણી લિંક ન ઓપન કરવા જણાવેલ કોઈ લિંકનો ભોગ બનો તો ૧૯૩૦ નંબર પર ફોન કરી જાણ કરી શકો છો. સાઈબર ગુન્હાઓ માટે (૧૯૩૦) નંબર કઈ રીતે ઉપયોગી થાય તેના વિષે સમજ કરેલ તથા પોલીસ પ્રજાનો મિત્ર છે જેથી વિનાસંકોચ વગર મદદ માંગી શકો. વિધાર્થી બહેનો તથા ભાઈઓને ભાઈઓને પોકસોના નવા કાયદા વિશે માહિતી આપેલ તથા સજાની જોગવાઈ વિશે સમજ કરેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર